મોડાસાના સાબલીયા એસ્ટેટ વિસ્તારમાંથી ૧૪ લાખની દવાના બોક્સ ભરેલી ટ્રકની ઉઠાંતરી

મોડાસા, તા. ૬

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેર ટ્રક-ટ્રાન્સપોર્ટના ધંધા-રોજગાર માટે સમગ્ર દેશમાં જાણીતુ છે. મોડાસા શહેરની અનેક ખુલ્લી જગ્યાઓમાંથી ટ્રકની ઉઠાંતરી કરવાના અનેક ઘટનાઓ પહેલા પણ બની ચુકી છે. મોડાસા શહેરના સાબલીયા એસ્ટેટના ડીપી રોડ નજીક પાર્ક કરેલી ૩૬૮ બોક્સ રૂ. ૧૪ લાખથી વધુની દવાની ભરેલી આખેઆખી ટ્રકની લૂંટ ચલાવી લૂંટની ઘટનાને અંજામ આપી લૂંટારૂ ટોળકી ટ્રક લઈ રફુચક્કર થઈ જતા મોડાસા શહેરમાં ચકચાર મચી ગઈ હતી.

મોડાસા ટાઉન પોલીસે દવા ભરેલી ટ્રકની ચોરીનો ભેદ ઉકેલવા સીસીટીવી કેમેરાના ફુટેજના આધારે ઝીણવટભરી તપાસ હાથ ધરી છે.

મોડાસા શહેરના સાબલીયા એસ્ટેટ વિસ્તારમાંથી ૧૪ લાખ રૂપિયાના ૩૬૮ દવાના બોક્ષથી ભરેલી ટ્રક આખેઆખી ચોરો ઉઠાંતરી કરી પલાયન થઈ જતા ટ્રક માલિકો અને ટ્રકના વ્યવસાય સાથે સંકળાયેલા લોકો ભયભીત બની ગયા છે. મોડાસા સાબલીયા એસ્ટેટ વિસ્તારમાં રહેતા ઉસ્માનગની હાજી દાઉનદભાઈ મોરી મોડાસા જીઆઈડીસીમાંથી ટ્રકમાં ઘઉંનો જથ્થો ભરી મુંબઈ ગયા હતા. ઘઉંનો જથ્થો ખાલી કરી ૧ સપ્ટેમ્બરના રોજ વિરાર ખાતેથી ઈન્ડોફીલ ઈન્ડસ્ટ્રીઝમાંથી ૩૬૮ નંગ દવાના બોક્સ ભરી જયપુર જવા નીકળ્યા હતા. ૩ સપ્ટેમ્બરના રોજ ઉસ્માનગની મોરી સાંજના સમયે ટ્રક લઈને મોડાસા પહોંચી મોડાસા સાબલીયા એસ્ટેટના ડીપી રોડ વિસ્તારમાં ટ્રક પાર્ક કરીને તેમનો કંડકટર સાથે ઘરે આરામ કરવા માટે ગયા હતા. વહેલી સવારે જયપુર નીકળવાનુ હોવાથી ઉસ્માનગની અને તેમનો કંડકટર ટ્રક પાર્ક કરેલી જગ્યાએ પહોંચી જોતા ટ્રક ગાયબ હોવાનુ જણાતા અને આજુબાજુ વિસ્તારમાં તપાસ હાથ ધરતા ટ્રક ચાલકના પગ નીચેથી ધરતી સરકી ગઈ હતી અને બેબાકળા બન્યા હતા. વહેલી સવારે સાબલીયા એસ્ટેટ વિસ્તારમાંથી ૧૪ લાખ દવાઓ ભરેલી ટ્રકની ઉઠાંતરીની ઘટના બનતા લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. અને ટ્રકની શોધખોળ હાથ ધરી હતી પરંતુ ટ્રકનો કોઈ જ પત્તો ન મળતા ઉસ્માનગની મોરીએ મોડાસા ટાઉન પોલીસ મથકે ટ્રકની ઉઠાંતરીની ફરિયાદ નોંધાવતા મોડાસા ટાઉન પોલીસ તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી સીસીટીવી ફુટેજના આધારે ઝીણવટભરી તપાસ હાથ ધરી હતી.

મોડાસા શહેરમાં ચોરી, લૂંટ, ધાડ, ચેઈન સ્નેચીંગ અને પાકીટમારીની ઘટનાઓમાં સતત વધારો થતા છેલ્લા કેટલાય સમયથી પોલીસની ધાક ઘટી હોય તેવુ પ્રજાજનો અહેસાસ અનુભવી રહ્યા છે. મોડાસા શહેરમાંથી લુંટારૂઓ દ્વારા દવાના કાર્ટુન ભરેલી આખેઆખી ટ્રક લીને છૂમંતર થઈ જતા નગરજનોમાં ભયની દહેશત પેદા થઈ હતી.

ભિલોડા તાલુકાના ભાણમેર ગામની પ્રાથમીક શાળાના

વિદ્યાર્થીનું નદીના ચેકડેમમાં ડુબી જતાં કરૂણ મોત : એક વિદ્યાર્થીનો આબાદ બચાવ

ભિલોડા. તા.૬

ભિલોડા તાલુકાના ભાણમેર ગામની ભાણમેર પ્રાથમીક શાળાનો વિદ્યાર્થી નદીના ચેકડેમમાં ડુબી જતાં કરૂણ મોત નિપજ્યું હોવાના સમાચાર વાયુવેગે પ્રસરી જતાં ભાણમેર ગામ પાસેથી પસાર થતી નદી પાસે ઘટનાસ્થળે લોકોના ટોળે-ટોળા એકત્રીત થઈ ગયા હતા.બાહોશ તરવૈયાઆની મદદથી વિદ્યાર્થીના મૃતદેહને ચેકડેમના પાણીમાંથી બહાર કઢાયો હતો.વિદ્યાર્થીના પરીવારજનોએ ભારે રોકકળ અને આકંદ કરી મુક્યું હતું ત્યારે અમુક ઉપસ્થિત લોકોની આંખો ભીની થઈ ગઈ હતી.ભિલોડા તાલુકાના વહીવટી તંત્રના અધિકારીઓ ટી.ડી.ઓ. રાકેશભાઈ પટેલ,મામલતદાર જી.કે.પટેલ અને બાહોશ તરવૈયાઓ તાબડતોબ ઘટનાસ્થળે પહોચ્યા હતા.ભાણમેર પ્રાથમીક શાળામાં ધોરણ-૩માં અભ્યાસ કરતો ભાણમેર ગામનો વિદ્યાર્થી રીસેષ દરમ્યાન ન્હાવા જતાં નીલકમલ હિંમતસિંહ ડામોર,ઉંમર વર્ષ-૮ ઝાંઝરી થી ટોરડા તરફ પસાર થતી નદીના ચેકડેમમાં ડુબી જતાં કરૂણ મોત નિપજ્યું છે.ભાણમેર પ્રાથમીક શાળાનો વિદ્યાર્થી અલ્પેશભાઈ રમેશભાઈ ડામોર,ઉંમર વર્ષ-૮ નો ચમત્કારીક રીતે આબાદ બચાવ થયો હતો.ભાણમેર ગામના વિદ્યાર્થીનું કરૂણ મોત નિપજતાં ઘેરા શોકની કાલીમા પ્રસરી હતી.પરીવારજનોએ લાડકવાયો દિકરો ગુમાવ્યો હોવાથી ભારે આકંદ અને રોકકળ કરી મુકી હતી.વિદ્યાર્થીના મૃત દેહને ચેકડેમના પાણીમાંથી બહાર કઢાયા બાદ પી.એમ. અર્થે ભિલોડા કોટેઝ હોસ્પિટલ ખાતે મોકલી અપાયો હતો.

પરબડામાં બાવળના ઝાડમાંથી રૂા.૨૮ હજારનો દારૂ ઝડપાયો

હિંમતનગર, તા.૬

હિંમતનગર પાસેના આવેલા પરબડાથી ભોલેશ્વર જવાના માર્ગ પર મંગળવારે બપોરે બી-ડીવીઝન પોલીસે બાતમી આધારે રેડ કરતા બાવળમાં સંતાડેલ રૂા.૨૮ હજારની કિંમતનો વિદેશી દારૂ ઝડપી એક વિરૂધ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. આ અંગેની વિગત એવી છે કે બી-ડીવીઝન પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. કિરીટસિંહ બિહોલાને મળેલ બાતમી આધારે સ્ટાફે મંગળવારે બપોરના સુમારે પરબડાથી ભોલેશ્વર તરફ જવાના માર્ગ પર અવાવરૂ વિસ્તારમાં બાવળના ઝાડ નીચે વિદેશી દારૂની વિવિધ બ્રાન્ડની બોટલ નંગ.૬૧ અને બિયરના ટીન ૩૬ મળી કુલ રૂા.૨૮ હજારનો દારૂ ઝડપી પાડયો હતો અને આકાશ ઉર્ફે ભોલો અશોકભાઈ ભાટ વિરૂધ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

પાલનપુર લાલબાગ વિસ્તારમાં ગણેશજીને છપ્પન ભોગ ધરાવાયો

ગણેશચતુર્થી એ બર્થ ડે કેક કાપી દાદા નો જન્મ દિવસ ઉજવ્યો

પાલનપુર, તા.૬

પાલનપુર શહેરમાં ઠેર-ઠેર સ્થળો એ ગણેશ ચર્તુથી ના દિવસે ગણેશજી ની સ્થાપના કરી ગણેશ મહોત્સવ નું આયોજન કરવામાં આવ્યું છે જેમાં પાલનપુર શહેર માં આવેલ લાલબાગ વિસ્તાર કે જ્યાં વિષ્ણુ ભગવાન નુંઅતિ પ્રાચીન મંદિર આવેલું છે.જ્યાં દર વર્ષ ની જેમ આ વર્ષે પણ લાલબાગ વિસ્તાર ના ભક્તો દ્વારા 'લાલબાગ કે રાજા' ગણપતિ મહોત્સવ નું આયોજન કરવામાં આવ્યું હતું જ્યાં છેલ્લા ૧૦ વર્ષ થી લાલબાગ વિસ્તાર ના ભક્તો દ્વારા ગણેશજી ને છપ્પન ભોગ નો પ્રસાદ ધરાવામાં આવે છે.તેમજ આ વિસ્તાર ના નાના ભૂલકા ઓ દ્વારા છેલ્લા ૩ વર્ષ થી દાદા ના જન્મ દિવસ નિમિતે કેક કાપી ને ઉત્સવ ની અનોખી ઉજવણી કરાય છે. આ પ્રસંગે લાલબાગ વિસ્તાર ના રાજુભાઈ માળી, અશોકભાઈ માળી, કૈલાશબેન, ગીતાબેન સહીત ભક્તો મોટી સંખ્યા માં ઉપસ્થિત રહ્યા હતા.

ઈડરના સિયાસણ ગામે ઘર આગળથી પ્લેઝર ચોર ઝડપાયો

ઈડર, તા. ૬

સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાના સિયાસણ ગામે બડોલીના હસમુખભાઈ રાકેશભાઈ પટેલનું પ્લેઝર ઘર આગળ મુકેલ જે રવિવારે બપોરે ૨.૩૦ વાગે ચોરી કરી લઈ જનાર રાજસ્થાનના ઉદેપુર જિલ્લાના કોટડા છાવણી ગામનો ધર્માભાઈ પારધીને પોલીસે ઝડપી લીધો હતો. આ અંગે ઈડર પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

રાજ્યના આરોગ્ય પ્રધાન શંકરભાઈ ચૌધરીએ પોતાના મતવિસ્તારના સુપ્રસિદ્ધ શ્રી ધરણીધર ભગવાન અને કપીલેશ્વર મહાદેવની પૂજા અર્ચના કરીને પ્રજાની સુખાકારી માટે કામના કરી હતી. પ્રજાહિત અને પ્રજાની સુખાકારીની હંમેશા ચિંતા કરતા શંકરભાઈ ચૌધરીએ પ્રજાની અપેક્ષાઓ પૂર્ણ કરવાની શક્તિ માટે ભોળાનાથને પ્રાર્થના કરી હતી.

ભિલોડા તાલુકાના જનાલી ગામમાં

પ્રાથમીક આરોગ્ય કેન્દ્ર બનાવવાનું કામકાજ અટકાવાતાં મામલો ગરમાયો

ભિલોડા. તા.૬

ભિલોડા તાલુકાના મોટી બેબાર ગ્રૂપ ગ્રામ પંચાયત મતવિસ્તારના જનાલી ગામમાં પ્રાથમીક આરોગ્ય કેન્દ્ર બનાવવાનુંકામકાજ અમુક ઠાકોર સમાજના ઈસમો ધ્વારા અટકાવાતાં

મામલો ગરમાયો હતો.મોટી બેબાર ગ્રૂપ ગ્રામ પંચાયત સરપંચ ગોવિંદભાઈ અળખાભાઈ ભંગી, મોટી બેબાર ગ્રૂપ ગ્રામ પંચાયતના કારોબારી સભ્યો સહિત ગ્રામજનોએ ભિલોડા મામલતદાર , ભિલોડા ઈ.ના.ટી. ડી.ઓ., ભિલોડા પી.એસ.આઈ. ને જનાલીના ગ્રામજનોએ રૂબરૂ મળી ન્યાય અપાવવા અપીલ કરી હતી.

મોટી બેબાર ગ્રૂપ ગ્રામ પંચાયત સરપંચ ગોવિંદભાઈ અળખાભાઈ ભંગી,મોટી બેબાર ગ્રૂપ ગ્રામ પંચાયતના કારોબારી સભ્યો સહિત ગ્રામજનોએ ભિલોડા મામલતદાર જી.કે.પટેલ,ભિલોડા ઈ.ના.ટી.ડી.ઓ.રાકેશભાઈ પટેલ,ભિલોડા પી.એસ.આઈ. આર.એચ.સોલંકીને લેખિતમાં અરજી આપી જણાવ્યું હતું કે જનાલી ગામમાં પ્રાથમીક આરોગ્ય કેન્દ્ર ઘણા વર્ષો બાદ મંજુર થતાં ગ્રામજનોમાં આનંદની લાગણી પ્રસરી હતી પરંતુ જનાલી ગામના ઠાકોર સમાજના અમુક વિઘ્ન સંતોષી ગ્રામજનો ધ્વારા વિરોધ કરાયો હતો ત્યારે જનાલી ગામમાં પ્રાથમીક આરોગ્યકેન્દ્રનુંખાત-મુર્હુત પમી ના રોજ કોન્ટ્રાક્ટર ધ્વારા કરાતાં મામલો ગરમાયો છે. જનાલી પ્રાથમીક આરોગ્ય કેન્દ્રના પાયાનું ખોદકામ જે.સી.બી. મારફતે ચાલતું હતુંતે દરમ્યાન વિરોધ પ્રદર્શન કરનારા ઠાકોર સમાજના ઈસમોએ તેમના પોતાના ઘરની મહિલાઓને જે.સી.બી. આગળ મોકલી દીધી હતી.બિભત્સ મન ફાવે તેમ બોલી જે.સી.બી.ધ્વારા કરાતું પાયાનું ખોદકામ અટકાવી દીધું હતું.

જનાલી ગામના પ્રાથમીક આરોગ્ય કેન્દ્ર બનાવવા સંદર્ભે અમુક ઈસમોએ ગામમાં આતંક ફેલાવી ધમાચકડી મચાવતા હતા જાણે કે જનાલી ગામને બાનમાં લીધુ હોય તેમ પીવાના પાણીની પાઈપ લાઈનો મધ્યરાત્રે તોડી નાખતાંજનાલી ગામમાં પીવાના પાણીની ગંભીર સમસ્યા સર્જાતાં ભારે વિવાદ વકર્યો હોવાનું જાગૃત ગ્રામજનો ધ્વારા જાણવા મળેલ છે.જનાલી ગામના સરપંચ તેમજ ગામના અગ્રણીઓને વિરોધ કરનારા ઠાકોર સમાજના અમુક ઈસમોએ બિભત્સ અપશબ્દો બોલી અભદ્ર વ્યવહાર કરતાં જનાલી ગામમાં ભારે તંગદીલીનું વાતાવરણ સર્જાયું છે.

ઈડરની મહાવીર સોસાયટીમાં દાગીના-રોકડ સહિત ૧.૭૦ લાખની મત્તાની ચોરી

ઈડર, તા. ૬

સાબરકાંઠા જિલ્લાના ઈડરમાં બગીચા પાસે આવેલ મહાવીર સોસાયટીમાં મકાનમાં તસ્કરો ત્રાટકી સોના-ચાંદીના દાગીના અને રોકડ મળી ૧.૭૦ લાખની ચોરી કરી લઈ જતા ઈડર પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી.

આ અંગેની વિગત એવી છે કે મહાવીર સોસાયટીમાં રહેતા અતુલકુમાર દોશીના મકાનની રવિવારે રાત્રે તસ્કરોએ પાછળની ઝાળી ખોલી અંદર પ્રવેશ કરી તિજોરી તોડી ૩ કિલો ચાંદીના દાગીના, સોનાના દાગીના અને રોકડ ૩૦ હજાર મળી ૧.૭૦ લાખની મત્તાની ચોરી કરી લઈ જતા ઈડર પોલીસ સ્ટેશને અતુલકુમાર શાંતિલાલ દોશીએ ફરિયાદ નોંધાવી હતી.

વિજયનગરના કાલવણ પાસે બાઈક પરથી પડી જતા સવારનું મોત

વિજયનગર, તા. ૬

સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકાના કાલવણ પાસે બાઈક સ્લીપ થઈ જતા સવારનું મોત નીપજતા વિજયનગર પોલીસ સ્ટેશન બાઈક ચાલક વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

આ અંગેની વિગત એવી છે કે બંધણા ગામના સોમવારે ખીમજીભાઈ રામાજી કાથોડી પોતાની બાઈક લઈ જતા હતા તેમની બાઈક પર નરેશ સોમાજી કાથોડી પણ હતા. દરમિયાન કાલવણ પાસે બાઈક સ્લીપ થઈ જતા નરેશ કાથોડીને શરીરે ગંભીર ઈજા થતા ઘટનાસ્થળે મોત નીપજ્યું હતું. આ અંગે વિજયનગર પોલીસ સ્ટેશને સોમાભાઈ નવસુજી કાથોડીએ બાઈકચાલક વિરૂદ્ધ ગુનો નોંધાવ્યો હતો.

શિક્ષક દિને પ્રિ. ડૉ. જિજ્ઞેશ સુથારનુ રાજ્ય પારિતોષિકથી સન્માન

મોડાસા, તા. ૬

પમી સપ્ટેમ્બર, શિક્ષકદિન નિમિત્તે શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા, રાજ્યકક્ષાએ પસંદ કરાયેલ ૪૨ શ્રેષ્ઠ શિક્ષકોનું સન્માન કરવામાં આવ્યું. મહામહિમ રાજ્યપાલ શ્રી ઓમપ્રકાશ કોહલી, મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, વિધાનસભાના અધ્યક્ષ રમણલાલ વોરા, શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, રાજ્યકક્ષાના શિક્ષણમંત્રી નાનુભાઈ વાનાણીની ઉપસ્થિતિમાં યોજાયેલ શિક્ષક સન્માનના આ ભવ્ય કાર્યક્રમમાં શ્રી એચ.એલ. પટેલ સરસ્વતી વિદ્યાલય, મોડાસા, જિ. અરવલ્લીના પ્રિન્સિપાલ ડૉ. જિજ્ઞેશકુમાર રતિલાલ સુથારનું શ્રેષ્ઠ આચાર્ય તરીકે સન્માન કરાયું હતું. તેઓને રાજ્યપાલના હસ્તે સન્માનપત્ર, રૂપિયા એકાવન હજારનો ડ્રાફ્ટ, શાલ તથા શાળા માટે તામ્રપત્ર અર્પણ કરવામાં આવ્યું હતું.

હિંમતનગરના રિલાયન્સ પેટ્રોલ પંપ પાસે અજાણ્યા વાહનની ટક્કરે આધેડનું મોત

હિંમતનગર, તા. ૬

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના જેઠીપુરા ગામ નજીક પેટ્રોલ પંપ પાસે મંગળવારે વહેલી સવારે અજાણ્યા વાહને ચાલતા જતા રાહદારી આધેડને ટક્કર મારી મોત નીપજાવી નાસી ગયેલ આ અંગે હિંમતનગર એ-ડીવીઝન પોલીસે અજાણ્યા વાહનચાલક વિરૂદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

આ અંગેની વિગત એવી છે કે રાજસ્થાનના ભીલવાડા જિલ્લાના માંડલ તાલુકાના મેજા ગામના સતુજી તેલી (ઉ.વ.૪૫)નો પુત્ર નારાયણ તેલી ઘરેથી હિંમતનગર આવવા નીકળ્યો હતો. જેને હિંમતનગરથી અમદાવાદ નેશનલ હાઈવે રોડ પર આવેલ જેઠીપુરા ગામ નજીક રિલાયન્સ પેટ્રોલ પંપે ઉતરવાનું કહ્યું હતું. જે પુત્રને લેવા મંગળવારે વહેલી સવારે ચાલતા લેવા ગયા હતા તે દરમિયાન સતુજી તેલીને કોઈ અજાણ્યા વાહન ચાલકે ટક્કર મારી નાસી ગયેલ જેમાં ગંભીર ઈજાગ્રસ્તસતુજી તેલીનું ઘટનાસ્થળે મોત નીપજ્યું હતું. આ અંગે હિંમતનગર એ-ડીવીઝન પોલીસ સ્ટેશને પુત્ર નારાયણ તેલીની ફરિયાદના આધારે અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

ધાનેરાની મધુસુદન માર્કેટમા ગણપતિબાપાની સ્થાપન કરાઈ

મધુસુદન માર્કેટના વેપારીઓ દ્વારા મનાવામા આવશે ત્રિ-દિવસીય ગણેશોત્સવ

ધાનેરા, તા. ૬

આજે ગણેશ ચોથ એટલે ગણપતિ દાદાનો દિવસ અને સમગ્ર દેશમાં ગણેશ ચોથની ઉજવણી થતી હોય છે. ત્યારે ધાનેરા મધુસુદન માર્કેટના તમામ ભાઈઓ એક થઈ ગયા વર્ષની જેમ આ વર્ષે પણ ત્રિ-દિવસીય ગણેશ મહોત્સવ મનાવાની તૈયારીમા આજે સવારે ૯.૩૦ વાગે મધુસુદન માર્કેટના ચોકમા ગણપતિ દાદાની વાજતે ગાજતે સ્થાપના કરી પુજા અર્ચના કરી હતી અને આવતી કાલે રાત્રે દાંડીયારાસનું પણ આયોજન રાખવામાં આવ્યું છે. અને રવિવારના દિવસે ગણપતિ દાદાની વિશાળ શોભાયાત્રા નીકાળી ધાનેરાની જાહેર માર્ગો ઉપર ફરી વિશ્વેશ્વર ખાતે ગણેશ વિશર્જન કરવામાં આવશે. તો આ મધુસુદન માર્કેટના ત્રિ-દિવસી ગમેશ મહોત્સવમાં ધાનેરાની ધર્મપ્રેમી જનતાને જોડાવા વેપારીઓ દ્વારા જાહેર આમંત્રણ પણ આપવામાં આવ્યું હતું.

બાયડની વલ્લભનગર પ્રા. શાળાના અડીને તબીબે ચણેલી દિવાલ ન હટતા બાળકો દ્વારા શિક્ષણનો બહિષ્કાર

બાયડ, તા. ૬

અરવલ્લી જિલ્લાના બાયડમાં આવેલી વલ્લભનગર પ્રા. શાળાને અડકીને એક તબીબે દિવાલ ચણી લેતા બાળકોને તેમજ શાળા માટે આ દિવાલ અડચણરૂપ બનતા બાળકોના વાલીઓ દ્વારા આ દિવાલ હટાવી લેવા અંગે પ્રાંત અધિકારી સમક્ષ ભૂતકાળમાં રજૂઆત કરાતા પ્રાંત અધિકારી દ્વારા દિવાલ હટાવી લેવા અંગે યોગ્ય નિર્ણય કરવા આપેલી ખાતરી છતા કોઈ જ ઉકેલ ન આવતા કંટાળીનો પ્રાથમિક શાળામાં અભ્યાસ કરવા જતા બાળકોના વાલીઓએ તેમના બાળકો દિવાલ દૂર કરવામાં નહિ આવે ત્યાં સુધી સાળાએ ન મોકલવાનો નિર્ણય કરી શિક્ષણનો બહિષ્કાર કર્યો હતો.

વલ્લભનગર પ્રાથમીક શાળાને અડીને ચણેલી દિવાલ તબીબ દ્વારા ચણી લેવાતા શાળા માટે ભારે અડચણરૂપ બની હતી. આ અંગે શાળાની એસએમટી કમીટી, વાલીમંડળ તેમજ સ્થાનિક આગેવાનો દ્વારા વહીવટીતંત્ર સામે આ બાંધકામ દૂર કરવા રજૂઆત કરવા છતાં કોઈ જ ઉકેલ ન આવતા શાળામાં અભ્યાસ કરતા બાળકો તેમજ તેમના વાલીઓ દ્વારા શાળા પ્રવેશોત્સવનો બહિષ્કાર કરવામાં આવતા પ્રાંત અધિકારી તાબડતોડ પ્રા. શાળામા દોડી યોગ્ય ઉકેલ લાવવાનો વાયદો કરતા મામલો થાળે પડ્યો હતો. ચાર માસના સમયગાળા સુધી દિવાલ અંગે યોગ્ય ઉકેલ ન આવતા શાળામાં અભ્યાસ કરતા ૧૭૫ વિદ્યાર્થીઓને તેમના વાલીઓ દ્વારા શાળાએ ન મોકલતા અને યોગ્ય ઉકેલ ન થાય ત્યાં સુધી શિક્ષણ બહિષ્કારનું શસ્ત્ર ઉગમતા બાયડ તાલુકા અને અરવલ્લી જિલ્લા શિક્ષણ જગતમાં અને બાયડ શહેરમાં ભારે કાગરોળ મચી ગઈ છે. શાળાના શિક્ષક સ્ટાફ વિદ્યાર્થીઓ શાળાએ ન આવતા વિમાસણમાં મુકાઈ ગયા હતા અને કોને ભણાવવા તે બાબતે વિચારમાં પડી ગયા હતા.